# યુવતી દ્વારા સગીરાનું અપહરણ - રેપ: જોકે સગીરા કહે છે બંને પ્રેમમાં છે

## યુવતીની ધરપકડ: સગીરાને સુધારગૃહમાં મોકલી દેવાઇ

મુંબઈ: ૧૭ વર્ષની સગીરાનું અપહરણ અને દુષ્કર્મ આચરવાને મામલે દક્ષિણ મુંબઈની પોલીસ દ્વારા તાજેતરમાં ૨૪ વર્ષની યુવતીની ધરપકડ કરવામાં આવી હતી. સગીરાના પરિવારે અપહરણની ફરિયાદ નોંધાવ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે સગીરા અને યુવતીના મોબાઇલ બંધ હતા. બંનેને વિરારના રિસોર્ટમાંથી શોધી કઢાયા બાદ સગીરાની તબીબી તપાસ કરવામાં આવી હતી, જેના રિપોર્ટને આધારે આ મામલે બળાત્કારની કલમ ઉમેરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ દક્ષિણ મુંબઈમાં દાદી સાથે રહેતી સગીરા ૭ જાન્યુઆરીએ સવારે કોલેજ જવા માટે નીકળી હતી. સગીરાનાં માતા-પિતા પૂર્વીય ઉનગરમાં રહે છે. સગીરાએ ત્યાર બાદ તેની માતાને મેસેજ કર્યો હતો કે તે જાતે ઘરેથી જતી રહી છે અને તેમણે તેના વિશે ચિંતા કરવી નહીં. દરમિયાન સગીરાની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ જ પત્તો લાગ્યો નહોતો. કલાક બાદ તેનો મોબાઇલ બંધ આવતાં તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસને તપાસ દરમિયાન યુવતીનું નામ અને તેના વિશે માહિતી મળી હતી, જેણે કેટલાક દિવસ અગાઉ વિરારની હોટેલમાં કૉલ કર્યો હતો. પોલીસ એ હોટેલમાં પહોંચી હતી, જ્યાં જાણવા મળ્યું હતું કે બે છોકરી ત્યાં આવી હતી, પણ તેમને રૂમ અપાઇ નહોતી. પોલીસે ત્યાંના સીસીટીવી ફૂટેજ તપાસતાં તેમાં બંને નજરે પડી હતી. બંનેને બસડેપો નજીક છોડનારા રિક્ષાચાલકની પણ પૂછપરછ કરવામાં આવી હતી. યુવતીએ નવું સિમકાર્ડ ખરીદ્યું હોવાની શંકાને આધારે પોલીસે અમુક દુકાનદારોની પૂછપરછ પણ કરી હતી. એવામાં પોલીસને યુવતીનો નવો નંબર મળી આવ્યો હતો, જેને ટ્રેસ કરી પોલીસ વિરાર ખાતેના રિસોર્ટમાં પહોંચી હતી, જ્યાં સગીરા અને યુવતી મળી આવી હતી. બંનેની પૂછપરપછ કરતાં તેઓ એકબીજાના પ્રેમમાં હોવાનું પોલીસને જણાવ્યું હતું. ■

# માતા-પિતાએ બે મહિનાથી ઘરમાં સાંકળથી બાંધી રાખેલી પુત્રીનો પોલીસે કર્યો છુટકારો

જાલના: જાલના જિલ્લાના એક ગામમાં માતા-પિતા દ્વારા દીકરીને છેલ્લા બે મહિનાથી ઘરમાં બંધક બનાવીને તેને સાંકળથી બાંધી રાખવામાં આવી હતી. પોલીસે એ ઘરમાં રેઇડ પાડીને તેનો છુટકારો કરાવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે પીડિતાના પતિની ફરિયાદ પર બોમ્બે હાઇ કોર્ટની ઔરંગાબાદ બેન્ચે આપેલા નિર્દેશો અનુસાર પોલીસે સોમવારે આ કાર્યવાહી કરી હતી.

પીડિતાની ઓળખ શેહનાઝ ઉર્ફે સોનલ તરીકે થઇ હતી. શેહનાઝને ભોકરદાન તહેસીલના અલાપુર ગામમાં માતા-પિતાના ઘરમાંથી છોડાવાઇ હતી, જ્યાં તેને બે મહિનાથી સાંકળથી બાંધી રાખવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ૨૦ વર્ષની પીડિતાએ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં હતાં અને તેને ત્રણ વર્ષનો પુત્ર છે.

બે મહિના અગાઉ તે પુત્ર સાથે માતા-પિતાના ઘરે ગઇ હતી. જોકે તેણે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં હોવાથી માતા-પિતા તેનાથી નારાજ હતા. માતા-પિતાએ તેને પતિના ઘરે પાછી જવા દીધી નહોતી અને ઘરમાં સાંકળથી બાંધી રાખી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વારંવારના પ્રયાસો છતાં પતિ તેને પાછો લાવી શક્યો નહોતો, કારણ કે તેને ઘરમાં પ્રવેશ આપવામાં આવતો નહોતો. આથી પતિએ કોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા. દરમિયાન પોલીસ ટીમે ઘરમાં રેઇડ પાડી હતી અને શેહનાઝ તથા તેના પુત્રનો છુટકારો કર્યો હતો, જેમને બાદમાં સરકારી વકીલ મારફત પતિને સોંપવામાં આવ્યા હતા. (પીટીઆઇ) ■



# ડો.અસ્પી રાયમલવાલાને બીએમસીનું પારિતોષિક

મુંબઈ: મુંબઈના જાણીતા ઓબ્સ્ટટ્રીશન અને ગાયનેકોલોજીસ્ટ ડો. અસ્પી નવરોઝ રાયમલવાલા (એમડી, ડીજીઓ, ડીએફપી) અને તેમની ટીમને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા ૨૦૨૪-૨૫માં સૌથી વધુ પુરુષ વંધ્યીકરણ (એનએસવી) પ્રોસિજર કરવા બદલ પ્રથમ પારિતોષિક આપવામાં આવ્યું હતું.

ડો. રાયમલવાલા અને તેમની ટીમ દ્વારા ફેબ્રુઆરી, ૨૦૨૨થી જાન્યુઆરી, ૨૦૨૫ સુધીના ટૂંકા ગાળામાં ૧૧૪૬ એનએસવીના કેસ હાથ ધરવામાં આવ્યા હતા.

ડો. રાયમલવાલા ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન (આઈએમએ) દ્વારા મેનેજ કરાતા ફેમિલી પ્લાનિંગ અને વેસ્કટોમી સેન્ટર વિભાગના ચેરમેન છે.

ડો.રાયમલવાલા અને તેમની ટીમની સફળતામાં ડો. મંગળા ગોમારે, ડો. હોઝી કાપડિયા, ડો. જિતેશ મહેતા, ડો. અનિલ અવ્હાડ અને ડો. પંકજ બંદારકરનું પણ યોગદાન છે.

બીએમસીના એક્ઝિક્યુટિવ હેલ્થ ઓફિસર (ઇએચઓ) ડો. દક્ષા શાહ, ડો. સંતોષ ગાયકવાડ અને ડો. વૈશાલી ચંદનશિવે દ્વારા પારિતોષિક પ્રદાન કરાયું હતું.

અગાઉ ડો. રાયમલવાલાને ડો. દફતરી અવૉર્ડ સહિતના ઘણા પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. ■

# નિવૃત્ત પોલીસ અધિકારીના ઘરમાંથી રિવોલ્વર ચોરી બાળકોએ ગોળીબાર કર્યો

## ફિલ્મ જોઈને રિવોલ્વરમાં ગોળી ભરવાનું શીખ્યા અને ૨૦ રાઉન્ડ હવામાં ફાયર કર્યા

પુણે: કોલ્હાપુરમાં બનેલી એક અજબ પ્રકારની ઘટનામાં ૧૩ વર્ષના બાળકે નિવૃત્ત પોલીસ અધિકારીના ઘરમાંથી રિવોલ્વર અને કારતૂસો ચોરી હતી. પછી ૧૦ વર્ષના મિત્ર સાથે ફિલ્મ જોઈને રિવોલ્વરમાં ગોળી ભરવાનું શીખ્યો અને ૨૦ રાઉન્ડ હવામાં ફાયર કર્યા હતા. પોલીસે બન્ને બાળકને તાબામાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ગોકુળ શિરગાવ પોલીસ સ્ટેશનની ઈન્ચાર્જ એપીઆઈ તબસ્સુમ મગદુમે જણાવ્યું હતું કે શનિવારની રાતે રિવોલ્વર ચોરાઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. તાત્કાલિક તપાસ હાથ ધરી ફરિયાદીની નોકરાણીના ૧૩ વર્ષના પુત્રે રિવોલ્વર ચોરી હોવાની ખાતરી કરાઈ હતી. આ મામલે પ્રાથમિક તપાસ બાદ બે બાળકને સોમવારે તાબામાં લેવાયા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ગોળીબારની ઘટના શનિવારની સવારે કોલ્હાપુરના કરવીર તાલુકામાં આવેલા ઉજલવાડી ગામમાં બની હતી. બાળકની માતા નિવૃત્ત પોલીસ અધિકારીના ઘરે કામ કરતી હતી.

કહેવાય છે કે શુક્રવારે ઘરની સાફસફાઈમાં મદદ કરવાને બહાને માતા તેના પુત્રને નિવૃત્ત પોલીસ અધિકારીના ઘરે લઈ ગઈ હતી. ઘરના ટેબલના ડ્રોઅરમાંથી બાળકને રિવોલ્વર અને અમુક રાઉન્ડ મળી આવ્યા હતા. રમકડાની ગન હોવાનું ધારીને બાળકે રિવોલ્વર અને કારતૂસો ચોરી લીધી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

રિવોલ્વર ચોર્યા પછી બાળક તેના ૧૦ વર્ષના મિત્ર સાથે ફિલ્મ જોઈને રિવોલ્વરમાં ગોળી ભરવાનું શીખ્યો હતો. પછી ગામના ઘાસના મેદાનમાં જઈને બન્ને જણે વારાફરતી હવામાં ગોળીબાર કર્યો હતો. પોલીસના કહેવા મુજબ બાળકોએ કરેલા ગોળીબારની કોઈને જાણ થઈ નહોતી. અમુક લોકોએ ફટાકડાનો અવાજ હોવાનું માની ગોળીબાર તરફ ધ્યાન આપ્યું નહોતું. રિવોલ્વર ચોરીની ફરિયાદ નોંધાયા પછી બાળકની પૂછપરછ કરવામાં આવી હતી. બાળકોએ આપેલી માહિતી પરથી મેદાનમાંથી પોલીસે ૨૦ ખાલી કાર્ટ્રિજીસ હસ્તગત કરી હતી. ■

## સાવકી પુત્રીનું જાતીય શોષણ

# પીડિતાએ ફેરવી તોળતા આરોપી નિર્દોષ જાહેર

થાણે: થાણેની એક કોર્ટે ૧૪ વર્ષની સાવકી પુત્રીની જાતીય સતામણી કરનાર આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો, કારણ કે સાવકી પુત્રીએ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. સ્પેશિયલ પોક્સો જજ રુબી યુ. માલવણકરે ભારતીય દંડ સંહિતા અને બાળકોના જાતીય ગુનાઓથી રક્ષણ (પોક્સો) અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળના આરોપોમાંથી આ વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો. ખાસ સરકારી વકીલે કોર્ટને માહિતી આપી કે મીરા રોડમાં માતા અને સાવકા પિતા સાથે રહેતી છોકરીએ આરોપ લગાવ્યો હતો કે તેના સાવકા પિતાએ તેને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. છોકરીની ફરિયાદના આધારે પુરુષની ધરપકડ કરી તેને પાંચ મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યો હતો. તેણે બાદમાં એ વાતનો પણ ઇનકાર કર્યો હતો કે તે વ્યક્તિએ તેને અશ્લીલ વીડિયો બતાવ્યા અને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો. ■

# સિનિયર સિટિઝને શૅર ટ્રેડિંગ ફ્રોડમાં ગુમાવ્યા ૭૨.૯૮ લાખ રૂપિયા

થાણે: બોગસ શૅર ટ્રેડિંગ સ્કીમોમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૭૦ વર્ષના સિનિયર સિટિઝન સાથે ૭૨.૯૮ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવા બદલ થાણે પોલીસે બે વ્યક્તિ તેમ જ કંપની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદી મુંબઈનો રહેવાસી છે અને છેલ્લા પાંચ મહિનાથી તે થાણેમાં પોતાના ભાઇના ઘરમાં રહેતો હતો. આ સમયગાળામાં આરોપીઓએ વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો અને શૅર ટ્રેડિંગ પર રોકાણ પર આકર્ષક વળતરનું વચન આપ્યું હતું.

ફરિયાદીએ આરોપીઓનો સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમણે કૉલ રિસિવ કર્યા નહોતા અને મેસેજના જવાબ આપવાનું બંધ કરી દીધું હતું. પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં ફરિયાદીએ કાસારવડવલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. તેણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે બે આરોપી તથા ઇન્વેસ્ટમેન્ટ કંપની વિરુદ્ધ ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હતી. (પીટીઆઇ) ■

## ક્રેડાઇ એમસીએચઆઇ થાણે પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૫

# કનેક્ટિવિટી અને જીવનની ગુણવત્તાનું અનોખું મિશ્રણ ઘર શોધનારાઓને થાણે આકર્ષે છે

*જિતેન્દ્ર મહેતા, પ્રમુખ, ક્રેડાઇ એમસીએચઆઇ થાણે*

મુંબઈ શહેર, ઉપનગરો અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર) માં ઘર શોધનારાઓ આજકાલ થાણે તરફ વધુને વધુ આકર્ષાઈ રહ્યા છે કારણ કે તે પરવડે તેવી ક્ષમતા, કનેક્ટિવિટી અને જીવનની ગુણવત્તાનું અનોખું મિશ્રણ છે. થાણે બધા બજેટને અનુરૂપ રહેઠાણ વિકલ્પોની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. આમ ઘર ખરીદનારાઓ અને પરિવારો માટે તે એક આકર્ષક પસંદગી છે. શહેરની ઉત્તમ કનેક્ટિવિટી અને જળ પરિવહન, આંતરિક મેટ્રો અને આગામી મેટ્રો લાઇન, બોરીવલી સાથે ટનલ જોડવાનું, ઘાટકોપરથી થાણે સુધી ફ્રીવેનું વિસ્તરણ જેવા પ્રોજેક્ટ્સ, તેના આકર્ષણમાં વધારો કરે છે.

જેમ જેમ થાણે એક આધુનિક, કાર્યક્ષમ અને ટકાઉ શહેરમાં પરિવર્તિત થઈ રહ્યું છે, તેમ તેમ તેના રહેવાસીઓ જીવનની ગુણવત્તામાં સુધારો અનુભવી રહ્યા છે, અને ઇચ્છનીય પ્રોપર્ટી ડેસ્ટિનેશન તરીકે તેની પ્રતિષ્ઠા વધી રહી છે. આ પરિવર્તનથી થાણે એક નવી ઊંચાઈઓ પહોંચી જશે.

સિટી ઓફ લેક્સનું સુનિયોજિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક સુવિધાઓ અને ગ્રીન સ્પેસ તેને આરામદાયક અને સુવિધાજનક જીવનશૈલી શોધનારાઓ માટે એક આદર્શ સ્થળ બનાવે છે.

ઘરો ઉપરાંત, થાણે બિઝનેસ, ઇન્ડસ્ટ્રી અને સ્ટાર્ટ-અપ્સ માટે પણ એક આકર્ષક સ્થળ છે. તે આધુનિક સુવિધાઓ અને ગ્રીન સ્પેસ સાથે આયોજિત શહેરમાં કમર્શિયલ રિયલ એસ્ટેટ વિકલ્પો પ્રદાન કરે છે, જે ગુણવત્તાયુક્ત જીવન પ્રદાન કરે છે. તે એમએમઆરમાં એક સલામત અને સુરક્ષિત શહેર છે અને સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ છે. થાણેમાં વ્યવસાયિક તકો અને મિલકતની માગ વધી રહી હોવાથી આર્થિક ગતિશીલતા નવી નોકરીઓની તકો ઊભી કરે છે, જે વ્યાવસાયિકો અને પરિવારોને આ વિસ્તારમાં આકર્ષે છે જે રહેઠાણની માંગને વધુ વેગ આપે છે.

થાણેમાં રહેણાંક પ્રોજેક્ટ્સ પ્રત્યે માર્કેટનો રિસપોન્સ છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ જ સકારાત્મક રહ્યો છે. લક્ઝરી પ્રોજેક્ટ્સે ઉચ્ચ કક્ષાના ખરીદદારોને આકર્ષ્યા છે મધ્યમ વર્ગને પરવડે તેવા આવાસ વિકલ્પોની માંગને વેગ આપ્યો છે અને નવા પ્રોજેક્ટ લોન્ચને ઉત્સાહથી આવકારવામાં આવી રહ્યો છે. શહેરની વધતી જતી અર્થવ્યવસ્થા, નોકરીની તકો અને શાળાઓ, હોસ્પિટલો અને શોપિંગ સેન્ટરો જેવી સામાજિક સુવિધાઓને કારણે મિલકતની માગમાં વધારો થયો છે.

થાણે કુદરતી સૌંદર્ય, આધુનિક સુવિધાઓ અને સાંસ્કૃતિક વિવિધતાનું અનોખું મિશ્રણ પ્રદાન કરે છે, જે તેને રહેવા, કામ કરવા અને રમવા માટે એક આકર્ષક સ્થળ બનાવે છે. જો તમે ઘર શોધી રહ્યા છો, તો થાણે તમારા માટે શોધખોળ કરવા માટેના સ્થળોની યાદીમાં હોવું જોઈએ. અહીં સપનાંનાં ઘરો વાસ્તવિકતા બને છે! ■

# ધનંજય મુંડેના કૃષિ ખાતામાં ૮૮ કરોડનું કૌભાંડ: અંજલિ દમાણિયા

મુંબઈ: સામાજિક કાર્યકર્તા અંજલિ દમાણિયાએ મંગળવારે એવો આક્ષેપ કર્યો છે કે અગાઉની મહાયુતિની સરકારમાં ધનંજય મુંડે કૃષિ ખાતાના પ્રધાન હતા ત્યારે તેમના ખાતામાં ૮૮ કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. અત્યારે રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા ખાતાના પ્રધાન ધનંજય મુંડેએ આ આક્ષેપોને પાયાવિહોણા અને રાજકીય હેતુ પ્રેરિત ગણાવ્યા હતા. કેન્દ્ર સરકારના ૨૦૧૬ના નોટિફિકેશન દ્વારા ખેડૂતોના ખાતામાં સીધા નાણાં હસ્તાંતરિત (ડીબીટી) કરવા જણાવવામાં આવ્યું હોવા છતાં કૃષિ ખાતાએ ખેડૂતોને વિતરણ કરવા માટે ઉપકરણો અને ખાતરોની ખરીદી વધુ પડતી કિંમત આપીને કરી હતી એવો દાવો આમ આદમી પાર્ટીના ભૂતપૂર્વ નેતાએ મંગળવારે કહ્યું હતું.

દમણિયાએ પત્રકાર પરિષદમાં દસ્તાવેજો રજૂ કરતાં કહ્યું હતું કે આ દસ્તાવેજો પુરાવો છે કે કેવી રીતે પ્રધાને કાયદાનું ઉલ્લંઘન કરીને ખેડૂતોના પૈસાની ઉચાપત કરી હતી. ડીબીટી અંગેના સરકારી આદેશ મુજબ યોજના સંબંધી બધા જ નાણાં સીધા ડીબીટી દ્વારા ખેડૂતોના ખાતામાં જમા કરવા જોઈએ સિવાય કે મહાબીજ, કેવીકે અને એમએઆઈડીસી જેવા સરકારી એકમો જેમના પોતાના ઉત્પાદનો છે. આ નિયમનું ઉલ્લંઘન કર્યું હતું, એમ દમાણિયાએ કહ્યું હતું.

તેમણે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮નો સરકારી આદેશ દેખાડ્યો હતો, જેમાં ડીબીટી હેઠળ આવરી લેવામાં આવેલા ૬૨ બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે મુખ્ય પ્રધાન પાસે ડીબીટીની યાદીમાં કેટલીક બાબતોને ઉમેરવાનો અધિકાર છે, પરંતુ મુખ્ય સચિવ, નાણાં સચિવ અને આયોજન સચિવની બનેલી સમિતિની પરવાનગી વગર તેમાંથી કોઈ બાબતને રદ કરવાનો અધિકાર નથી, એમ તેમણે કહ્યું હતું. ■

# નવી મુંબઈમાં રોડ રેજની ઘટનામાં એકની હત્યા

થાણે: નવી મુંબઈમાં બનેલી રોડ રેજની ઘટનામાં બાઈકસવાર બે અજાણ્યા યુવાને માથામાં હેલ્મેટ ફટકારી સ્કૂટરસવારને મોતને ઘાટ ઉતાર્યો હતો. આ પ્રકરણે પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે બન્ને યુવાનની શોધ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે નવી મુંબઈના ખારઘર પરિસરમાં બની હતી. મૃતકની ઓળખ શિવકુમાર રોશનલાલ શર્મા (૪૫) તરીકે થઈ હતી.

વાશીમાં રહેતો શર્મા સ્કૂટર પર બેલપાડા-ઉત્સવ ચોક માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. શર્માએ આગળ જઈ રહેલી બાઈકને ઓવરટેક કરી હતી. એકદમ નજીકથી પસાર થયેલા શર્મા પર બાઈકસવાર યુવાનો રોષે ભરાયા હતા.

બાઈકસવારોએ શર્માના સ્કૂટરનો પીછો કરી થોડે અંતરે તેને રોક્યો હતો. ઓવરટેક કરવા બદલ તેમની વચ્ચે ઝઘડો થયો હતો. રોષમાં આવી એક યુવાને શર્માને પકડી રાખ્યો હતો, જ્યારે બીજાએ તેના માથા પર હેલ્મેટ ફટકારી હતી.

ગંભીર ઇજાને કારણે શર્મા બેભાન થઈ રસ્તા પર ઢળી પડ્યો હતો.

હુમલા બાદ બાઈકસવાર બન્ને યુવાન ફરાર થઈ ગયા હતા. રાહદારીઓ શર્માને નજીકની હૉસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ પ્રકરણે ખારઘર પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની શોધ ચલાવી રહી છે. (પીટીઆઇ) ■

# બીડ જિલ્લા આયોજન સમિતિ દ્વારા ભંડોળની ફાળવણીની તપાસ માટે અજિત પવારે સમિતિની રચના કરી

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંગળવારે ત્રણ સભ્યોની તપાસ સમિતિ ગઠિત કરી હતી, જેઓ બીડ જિલ્લા આયોજન સમિતિ દ્વારા કરવામાં આવેલી ૮૭૭ કરોડ રૂપિયાની ફાળવણીમાં રહેલી કથિત વિસંગતતાઓની તપાસ કરશે. આ નિર્ણયો અજિત પવારના કેબિનેટના સાથી ધનંજય મુંડે જિલ્લાના પાલક પ્રધાન હતા ત્યારે કરવામાં આવી હતી.

રાજ્ય કેબિનેટની બેઠક પહેલાં મંગળવારે ધનંજય મુંડેએ અજિત પવાર સાથે મુલાકાત કરી હતી અને આ બેઠકમાં શું ચર્ચા થઈ તેની જાણકારી મળી નથી. અત્યારે ધનંજય મુંડેના રાજીનામા માટે વિપક્ષો દબાણ કરી રહ્યા છે. આ તપાસ સમિતિ જિલ્લા આયોજન સમિતિ દ્વારા ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં મુંડે પાલક પ્રધાન હતા ત્યારે વિવિધ પ્રોજેક્ટને આપવામાં આવેલી વહીવટી મંજૂરીની તપાસ કરશે. પવારની નજીકના સૂત્રોએ એવી માહિતી આપી હતી કે સમિતિ બધા જ કામને આપવામાં આવેલી મંજૂરીની સમીક્ષા કરશે અને તેમના ટેક્નિકલ મંજૂરી, કામ શરૂ કરવાના આદેશ અને ભંડોળની ફાળવણીની તપાસ કરશે. ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસ દ્વારા થોડા દિવસો પહેલાં ધનંજય મુંડે પર આરોપ કર્યા હતા તેને પગલે આ સમિતિ ગઠિત કરવાનો નિર્ણય અજિત પવાર દ્વારા લેવામાં આવ્યો હતો.

સૂત્રોએ એવી માહિતી આપી હતી કે બીડ જિલ્લા કલેક્ટરની કચેરીમાં ગઠિત તપાસ સમિતિએ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલા બધા જ કામની ફાઈલો મગાવી છે. ■



Deepak Somaiya

shrujan SINCE 1969 | LLDC Living & Learning Design Centre | BCCA

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી
શ્રુજન એલ એલ ડી સી પ્રાયોજિત
ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરી આયોજિત
એલ એલ ડી સી નાટ્ય સ્પર્ધા ૨૦૨૫ (વર્ષ ૧૭)
ચાલો, માણીએ ગુજરાતી રંગભૂમિનાં શ્રેષ્ઠ સર્જનોની અંતિમ સ્પર્ધા
તા. ૫ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ ● સ્થળ: ભવન ચોપાટી, મુંબઈ

| | |
|---|---|
| આજે સાંજે ૭.૦૦ કલાકે — ઉદ્‌ઘાટન સમારંભ | સોમવાર તા. ૧૦ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — પશુપતિ, SBV મંચ, સુરત, લેખક: ડૉ. સતીશ વ્યાસ, દિગ્દર્શક: ગિરીશ સોલંકી |
| આજે સાંજે ૭.૩૦ કલાકે — વિલનાઇઝેશન, થિયેટર ઓફ જનરેશન નેક્સ્ટ, સુરત, લેખક: આદિત્ય ઠાકોર, રિષીત ઝવેરી, દિગ્દર્શક: રિષીત ઝવેરી | મંગળવાર તા. ૧૧ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — ચાલોને કાળીબેનની જાનમાં, શિવઅંશમ્ પ્રોડક્શન્સ એન્ડ ક્રિએટીવ ઇવેન્ટ્સ, સુરત, લેખક: શક્તિસિંહ ડોડિયા, દિગ્દર્શક: શિવાંગ ઠક્કર |
| કાલે સાંજે ૭.૩૦ — કોર્ટ માર્શલ, શિવમ્ ફાઉન્ડેશન, રાજકોટ, લેખક: સ્વદેશ દીપક, ગુજરાતી અનુવાદ: હસન મલેક, દિગ્દર્શક: કૃશાન દોશી | બુધવાર તા. ૧૨ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — અજબ પ્રેમની ગજબ કહાની, ધ વિઝન એંટરટેઇન્મેંટ, વડોદરા, લેખક: કિરણ પાટીલ, દિગ્દ.: કિરણ પાટીલ |
| શુક્રવાર તા. ૭ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — નાઇસ મીટીંગ યુ, આર્ટિસ્ટીક ગ્રુપ ઓફ થિયેટર, સુરત, લેખક: રિષીત ઝવેરી, દિગ્દર્શક: ડીકેશ કનાડીયા | ગુરૂવાર તા. ૧૩ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — આણલદે, અચ્યુત પ્રોડક્શન, ગાંધીનગર, લેખક: ચં.ચી મહેતા, દિગ્દર્શક: નિહાંસુ રાવલ |
| શનિવાર તા. ૮ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — ૧૮ કુસુમ વિલા, વંશાલી થિયેટર ગ્રુપ, સુરત, લેખક: પ્રિયમ જાની, દિગ્દર્શક: ચેતન પટેલ | શુક્રવાર તા. ૧૪ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — બાલ્કની, વિક્રમ એકેડેમી ઓફ પર્ફોમીંગ આર્ટ્સ, અમદાવાદ, લેખક: ડૉ. સતીશ વ્યાસ, દિગ્દ.: ડૉ. વિક્રમ પંચાલ, શૌનક વ્યાસ |
| રવિવાર તા. ૯ ફેબ્રુ. '૨૫ - બપોરે ૩.૩૦ કલાકે — વુ Men - બંને એક બીજા વિના અધૂરા, માનસી શાહ, અમદાવાદ, લેખક: મૌલિક વેકરીયા, દિગ્દર્શક: કર્તવ્ય શાહ | શનિવાર તા. ૧૫ ફેબ્રુ. '૨૫ - સાંજે ૭.૩૦ કલાકે — ઉડાન - એક સાહસકથા, શ્રી કલાધાર મલ્ટીક્રેડિટ અને સેવિંગ્સ કો.ઓ.સો.લિ, અમરેલી, લેખક અને દિગ્દ.: ડૉ. વિક્રમ પંચાલ, શૌનક વ્યાસ |

● બુકિંગ ભવન-ચોપાટી ખાતે ●
રવિ. તા.૨ થી સવારે ૯ થી ૧૨ અને ૪ થી ૭ ટિકિટ દર: ૨૦૦/-, ૧૫૦/-, ૧૦૦/-
પ્રથમ હરોળના ૧૧ નાટકોનો સિઝન પાસ ૧૫૦૦/- દૈનિક પાસ: ૨૦૦/-
આ નાટક ફક્ત એકજ પ્રયોગ માટે ભજવાશે તો તમારી ટિકિટ તુરંત બુક કરી લેજો
ફોન ૦૨૨-૨૩૬૯૮૦૮૫ / ૯૯૩૦૬૫૨૦૯૪ Tickets available @ bookmyshow
FREE VALET PARKING AVAILABLE ON DAY OF THE SHOW
SRK | JANMABHOOMI Group of Newspapers જન્મભૂમિ ફૂલછાબ કચ્છમિત્ર
Theatrix



Theatrix



Deepak Somaiya



KAAJAL ADS



KAAJAL ADS

# ટ્રમ્પે મેક્સિકો, કેનેડાની ટેરિફ મોકૂફ રાખતાં શૅરબજારમાં તીવ્ર રિકવરી

મુંબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા દ્વારા મેક્સિકો અને કેનેડા પર ટેરિફ એક મહિના માટે મોકૂફ રાખ્યા પછી એશિયન શેરબજારોમાં સુધારા પાછળ સ્થાનિક શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. મંગળવારે બેન્ચમાર્ક સ્ટોક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી લગભગ બે ટકા ઊછળ્યા છે.

સેન્સેક્સ ૧,૩૯૭.૦૭ પોઈન્ટ અથવા ૧.૮૧ ટકા ઉછળીને એક મહિનાની ઊંચી સપાટી ૭૮,૫૮૩.૮૧ પોઈન્ટના સ્તરે સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૧,૪૭૧.૮૫ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકા વધીને ૭૮,૬૫૮.૫૯ પોઈન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૭૮.૨૦ પોઈન્ટ અથવા ૧.૬૨ ટકા વધીને ૨૩,૭૩૯.૨૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો, જે સપાટી ત્રીજી જાન્યુઆરી પછી ક્યારેય જોવા મળી નથી.

લાર્સનમાં પાંચ ટકાનો ઉછાળો હતો, અન્ય ગેઇનર્સમાં અદાણી પોર્ટ, ઇન્ડસઇન્ડ બેન્ક, ટાટા મોટર્સ, રિલાયન્સ, અલ્ટ્રાટેક અને એશિયન પેઇન્ટનો સમાવેશ હતો. આઇટીસી હોટલ, ઝોમેટો, નેસ્લે અને મારુતિ ટોપ લુઝર્સ હતા. નિફ્ટીમાં ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, અદાણી પોર્ટ અને સ્ટેટ બેન્ક ટોપ ગેઇનર્સ હતા. આ મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ સારી લેવાલી અને સુધારો જોવા મળ્યો છે. જોકે, ડો. અગ્રવાલ હેલ્થકેરનો શેર તેના ઇશ્યૂભાવ સામે એક ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા બાદ બીએસઇ પર સવારના સત્રમાં રૂ. ૩૭૬.૪૦ બોલાયો હતો. સેબીએ એસએમપીપી, આદિત્ય ઇન્ફોટેક, બ્રિગેડ હોટલ, કુમાર આર્ક, સોલાર વર્લ્ડ સહિત આઠ કંપનીના આઇપીઓને મૂડીબજારમાં પ્રવેશવા મંજૂરી આપી છે. એન્જિનિયરિંગ, ડિઝાઇન, પ્રોક્યોર્મેન્ટ, ટેસ્ટિંગ, ઇન્સ્ટોલેશન, કમિશનિંગ, ટ્રાન્સમિશન સિસ્ટમ્સ અને વ્યાપક ઓએન્ડએમ સેવાઓ સહિત ટર્નકી સોલ્યુશન્સમાં નિષ્ણાત સોલારિયમ ગ્રીન એનર્જી લિમિટેડ છઠી ફેબ્રુઆરીએ રૂ. ૧૦૫.૦૪ કરોડ એકત્ર કરવા મૂડીબજારમાં પ્રવેશી રહી છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૮૧થી રૂ.૧૯૧ છે. બુક રનિંગ લીડ મેનેજર બીલાઇન કેપિટલ એડવાઇઝર્સ છે, જ્યારે રજિસ્ટ્રાર લિંક ઇનટાઇમ ઇન્ડિયા છે. એન્કર બિડિંગ પાંચમી ફેબ્રુઆરીએ ખુલશે અને ભરણું દસમી ફેબ્રુઆરીએ બંધ થશે.

મિડકેપ ઇન્ડેક્સ ૧.૩૫ ટકા અને સ્મોલ કેપ ઇન્ડેક્સ ૧.૨૦ ટકા ઊછળ્યો હતો. રેડીમિક્સ કન્સ્ટ્રક્શન મશીનરી લિમિટેડ પ્રતિ શેર રૂ. ૧૨૧ થી રૂ. ૧૨૩ની પ્રાઇસ બેન્ડ સાથે છઠી ફેબ્રુઆરીએ મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે. લિસ્ટિંગ તારીખ ૧૩ ફેબ્રુઆરીએ થઇ શકે છે. બુક રનિંગ લીડ મેનેજર હેમ સિક્યોરિટીઝ અને રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ છે. કંપની પ્લાન્ટ મશીનરી અને સાધનો ડિઝાઇન, વિકાસ, ફેબ્રિકેટિંગ અને ઇન્સ્ટોલેશન માટે એન્જિનિયરિંગ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, જેમાં ડ્રાય મિક્સ મોર્ટાર પ્લાન્ટ્સ, કોંક્રિટ પ્લાન્ટ સપોર્ટ, સિલો અને કસ્ટમાઇઝ્ડ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. કોર્પોરેટ હલચલમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને સર્ક્યુલર ઇકોનોમી સોલ્યુશન્સ ક્ષેત્રની, રેસ ઇકો ચેઇન લિમિટેડે સમગ્ર ભારતમાં મલ્ટિપલ પીઇટી ફ્લેક્સ વોશિંગ લાઇન્સ સ્થાપિત કરવા ગણેશ ઇકોસ્ફિયર લિમિટેડ સાથે વ્યૂહાત્મક સંયુક્ત સાહસના કરાર કર્યા છે. આ કરાર મુજબ રેસ ઇકો ૫૧ ટકા સુધી, જ્યારે ગણેશા ૪૯ ટકા સુધીનો ઇક્વિટી હિસ્સો ધરાવશે. સંયુક્ત એન્ટિટીનું નામ ગણેશા રિસાઇક્લિંગ ચેઇન પ્રાઇવેટ લિમિટેડ આપવામાં આવ્યું છે. બજાજ ઇલેક્ટ્રિકલ્સે ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૩.૩૬ કરોડનો નફો નોંધાવ્યો છે. એશિયન બજારોમાં સિઓલ, ટોકિઓ અને હોંગકોંગ નોંધપાત્ર ઊંચી સપાટીએ બંધ થયા હતા. યુરોપના બજારો મોટેભાગે નીચા મથાળે ટ્રેડ થઇ રહ્યાં હતાં. અમેરિકાના બજારોમાં સુધારો હતો. ગ્લોબલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૦૫ ટકા ઘટીને ૭૫.૧૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં રૂ. ૩૯૫૮.૩૭ કરોડના શેર વેચ્યા હતા. ભારતીય બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીએ મંગળવારે, વૈશ્વિક વેપાર યુદ્ધ અંગેની ચિંતા હળવી થવાથી ઉંચા મથાળે શરૂઆત કરી હતી.

અમેરિકાએ કેનેડા અને મેક્સિકો પરના તેના આયોજિત ટેરિફને અટકાવ્યા પછી એશિયન બજારોમાં જોવા મળેલા સુધારાને પ્રતિબિંબિત કરતા ભારતીય શેરબજારમાં સુધારો જોવા મળ્યો છે.

# ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી ત્રણ પૈસા પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાએ કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે લાદેલી ૨૫ ટકા ટેરિફ સ્થગિત કરતાં વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ઐતિહાસિક નીચી સપાટીએથી ત્રણ પૈસા પાછો ફરીને ૮૭.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વધુ રૂ. ૩૯૫૮.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. વધુમાં ગત જાન્યુઆરી મહિનામાં દેશનો ઔદ્યોગિક ઉત્પાદનનો પીએમઆઈ આંક ડિસેમ્બર મહિનાના ૫૬.૪ સામે વધીને ૫૭.૭ની સપાટીએ રહ્યો હોવાથી પણ રૂપિયાને ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૧૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૯૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૧૩ અને ઉપરમાં ૮૬.૯૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૭.૦૮ના મથાળે બંધ રહ્યો હતો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**રોડ પરિવહન કોન્ટ્રાક્ટ**

ટેન્ડર નોટીસ નં. M-2025-3-TT-WT તા.03-02-2025. (1) **કામનું નામઃ** 2 વર્ષના સમયગાળા માટે વ્હિલ્સ અને ટ્રોલિઝ માટે રોડ પરિવહન કોન્ટ્રાક્ટ. (2) **અંદાજિત પડતરઃ** ₹ 3,39,20,861.24 (3) **અર્નેસ્ટ મનીઃ** ₹ 3,19,600/- (4) **ટેન્ડર જમા કરવાની તથા ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.24-02-2025 ના રોજ 15:00 કલાક સુધી અને તા.24-02-2025 ના રોજ 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **ઓફીસનું સરનામું જ્યાં થી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે, નોટીસ બોર્ડનું સ્થળ અને વેબસાઈટ વિગતોઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનીકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT-164

અમને ફોલો કરો: twitter.com/WesternRly

# શુદ્ધ સોનું ₹ ૩૦૬ વધીને ₹ ૮૩,૦૦૦ની પાર, ચાંદી ₹ ૪૮૦ ચમકી

મુંબઈઃ અમેરિકાએ ચીનથી થતી આયાત સામે ૧૦ ટકા ટેરિફ લાદવાના પગલાંના વળતા જવાબરૂપે ચીને પણ અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદતા ટ્રેડ વૉરના મંડાણ શરૂ થતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૮૩૦.૪૯ ડૉલરની ઊંચી સપાટીએ પહોંચીને પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભમાં સોનાના હાજર ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો જોવા મળ્યો હતો, જ્યારે વાયદામાં વધ્યા મથાળેથી ૦.૬ ટકાનો ઘટાડો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫થી ૩૦૬ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાના વેરા રહિત ભાવે રૂ. ૮૩,૦૦૦ની સપાટી પાર કરી હતી. જોકે, આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ત્રણ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતર ઘટવાને કારણે વિશ્વ બજારની તુલનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. વધુમાં આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૮૦નો સુધારો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૫ વધીને રૂ. ૮૨,૬૭૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૦૬ વધીને રૂ. ૮૩,૦૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૪૮૦ વધીને રૂ. ૯૩,૭૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હતી.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**એરિયા ટ્રાફિક કન્ટ્રોલ વિભાગ**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામો માટે સીલબંધ ટેન્ડરો મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ (બારડી) (રૂ.) | ટેન્ડર સંદર્ભ નં. | પ્રારંભ તારીખ | પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૦૧.૦૪.૨૦૨૫થી ૩૧.૦૩.૨૦૨૭ સુધીની મુદત માટે મુંબઈ એરિયા ટ્રાફિક કન્ટ્રોલ પ્રોજેક્ટ હેઠળ કન્ટ્રોલ રૂમ્સ સેટ અપનું ઓપરેશન અને જાળવણી | ૨,૯૫,૨૦૦.૦૦ | ઈ-ટેન્ડર નં.: ૨૦૨૫_MCGM_૧૧૪૫૧૭૮_૧ | ૦૫.૦૨.૨૦૨૫ | ૨૦.૦૨.૨૦૨૫ |

વધુ વિગતો માટે https://mahatenders.gov.in પર લોગ ઓન કરો.

સહી/-
અક્ષિ. એન્જિ. (ATC)
બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

PRO/2442/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

## સિટી ન્યૂઝ

# આધુનિક, ગુણવત્તાસભર, ડિજિટલ શિક્ષણ માટે ૩,૯૫૫.૬૪ કરોડ ફાળવાયા

## સુધરાઈના શિક્ષણ વિભાગના બજેટમાં ૪૫૭.૮૨ કરોડ રૂપિયાનો વધારો કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના શિક્ષણ વિભાગે 'મિશન એડમિશન' આ ઝુંબેશ સાથે આધુનિક, ગુણવત્તાસભર અને ડિજિટલ શિક્ષણ પર ભાર આપતું પોતાનું ૩,૯૫૫.૬૪ કરોડ રૂપિયાનું બજેટ મંગળવારે જાહેર કર્યું હતું, જે ગયા વર્ષની સરખામણીમાં ૪૫૭.૮૨ કરોડ રૂપિયા વધારે છે. શિક્ષણ બજેટમાં અનેક નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં બાળકોને ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મળી રહે તે માટે નવા શિક્ષકોની ભરતીની સાથે જ નવી સીબીએસઈ બોર્ડની સ્કૂલ ચાલુ કરવાની, રોબોટિક્સ લેબોરેટરી બનાવવા વગેરે યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

પાલિકાના ૨૦૨૫-૨૬ના ૩,૯૫૫.૫૪ કરોડ રૂપિયાના શિક્ષણ બજેટમાં 'મિશન એડમિશન' આ ઝુંબેશ હેઠળ વિદ્યાર્થીઓની સંખ્યા વધારવા પર ભાર આપવામાં આવવાનો છે. આ ઝુંબેશને કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતો હોય છે. બજેટમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુરક્ષા અને બાળકોના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવામાં આવ્યું છે. ઉચ્ચ ગુણવત્તા શિક્ષણ પર ભાર આપતા સીબીએસઈ સ્કૂલની સંખ્યા વધારવાની સાથે જ સીસીટીવી સુરક્ષા, ડિજિટલ ક્લાસરૂમ અને વર્ચ્યુઅલ ટ્રેનિંગ સેન્ટર, ઈ-લાઈબ્રેરી, ડિજિટલ ક્લાસરૂમ, ટેબ સપ્લાય જેવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. નાણાકીય શિક્ષણ, રોબોટિક્સ અને સાઈબર અવેરનેસના કાર્યક્રમ પણ પાલિકાની સ્કૂલોમાં કરવામાં આવવાના છે.

ગયા વર્ષે પાલિકાએ ૨૦૨૪-૨૫માં શિક્ષણ માટે ૩,૪૯૭.૮૨ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું, જેમાં બાદમાં સુધારા કર્યા બાદ તેને ૩,૩૨૧.૫૫ કરોડ રૂપિયાનું કરવામાં આવ્યું હતું.

પાલિકાની સ્કૂલમાં ભણતા બાળકોને સ્કૂલના સાહિત્યને લગતી ૨૭ વસ્તુનું વિતરણ કરવાની સાથે બેસ્ટની બસમાં મફતમાં પ્રવાસની સુવિધા આ વર્ષે પણ ચાલુ રાખવામાં આવવાની છે. તે માટે ૨.૭૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. પાલિકાએ એસટીઈએમ રોબોટિક્સ માટે ૧૦ કરોડ રૂપિયા, સાયબર શિક્ષણ યોજના માટે ૧૧૧.૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ, વિદ્યાર્થી મૂલ્યાંકન સિસ્ટમમાં પહેલાથી આઠમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓના માટે નવી સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે, જેમાં સ્કોલરશિપ અને ઓલમ્પિયાડ જેવી પરીક્ષાઓની તૈયારી કરાવાશે. તે માટે બજેટમાં ૧.૭૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## ટેક્સ નથી વધાર્યો છતાં ભંડોળ ક્યાંથી આવશે?

પાલિકા કમિશનરે બજેટમાં મહેસૂલ વધારવા પર ભાર આપતા ડેવલપમેન્ટ પ્લાન ડિપાર્ટમેન્ટ (ડીપી) ખાતા પાસેથી ૯,૭૦૦ કરોડ રૂપિયાની આવક પ્રસ્તાવિત કરી છે. પ્રોપર્ટી ટેક્સ ૫,૨૦૦ કરોડ રૂપિયા પ્રસ્તાવિત કર્યો છે. આવકનો મુખ્ય સ્રોત પ્રોપર્ટી ટેક્સ છે. છતાં છેલ્લા એક દાયકામાં તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. તેમ જ બજેટમાં પ્રોપર્ટી ટેક્સ અથવા વોટર અને સ્યુએજ ટેક્સમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હોવાથી સ્પષ્ટતા કમિશનરે કરી છે. ઈન્વેસ્ટમેન્ટ પરના ઈન્ટરેસ્ટના માધ્યમથી ૨,૨૮૩.૮૯ કરોડ રૂપિયા, વોટર એન્ડ સીવરેજ ચાર્જીસના માધ્યમથી નવા આર્થિક વર્ષમાં ૨,૩૬૩.૧૫ કરોડ રૂપિયાની આવક અપેક્ષિત કરી છે. સરકાર પાસેથી ગ્રાન્ટના માધ્યમથી ૧,૩૨૫ કરોડ રૂપિયા, ફાયરબ્રિગેડ ડિપાર્ટમેન્ટ પાસેથી ૭૫૯.૧૮, લાઈસન્સ ડિપાર્ટમેન્ટ પાસેથી ૩૬૨ કરોડ રૂપિયા, રોડ અને બ્રિજ ડિપાર્ટમેન્ટ પાસેથી ૫૩૨.૪૩ કરોડ રૂપિયા વધારાની એફએસઆઈના માધ્યમથી ૩૦૦ કરોડ રૂપિયા અને ખાલી પડેલા પ્લોટને ભાડે આપીને ૨૦૦ કરોડ રૂપિયા ભેગા કરવાની પણ યોજના છે. રાજ્ય સરકારના વિવિધ ડિપાર્ટમેન્ટ પાસેથી ગ્રાન્ટ ઈન-એઈડ, પ્રોપર્ટી ટેક્સ અને અન્ય ચાર્જીસના બાકી લેણાને પણ પાલિકાએ વસૂલ કરવાના બાકી છે, જે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૯,૭૫૦.૨૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા છે.

## વહીવટી ખર્ચ ઘટાડ્યો, મૂડી ખર્ચ વધાર્યો

મુંબઈ પાલિકાએ તેના બજેટમાં શહેરી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને વહીવટી ખર્ચમાં ૭૫ ટકાથી ઘટાડીને ૪૨ ટકા કર્યો છે. પાલિકાની આવકનો મુખ્ય સ્રોત્ર પ્રોપર્ટી ટેક્સ રહ્યો છે, જેમાં વધારો કરવાનો બાકી છે. જોકે પાણીવેરામાં આઠ ટકાનો વધારો અપેક્ષિત છે, છતાં અન્ય કોઈ નવા કરવેરા લાગુ કરવામાં આવ્યા નથી.

પાલિકા 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ યુઝર ચાર્જ' રજૂ કરવાની યોજના ધરાવે છે અને વધારાના ૩૫૦ કરોડ રૂપિયાની આવક ઊભી કરવા માટે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલા કમર્શિયલ બાંધકામ પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવા માટે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સર્વે કરી રહી છે. આ સાથે જ બીએમસીનો મૂડી ખર્ચ પચીસ ટકાથી વધીને ૫૮ ટકા થયો છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

આસીસ્ટન્ટ કમિશ્નરની ઓફિસ, G/N વોર્ડ, ૧લો માળ, હરીશચંદ્ર યેલવે માર્ગ, દાદર (પ.), મુંબઈ-૨૮.

**નંબરઃ PCO/GN/૧૩૨૮/SR; તારીખઃ ૦૩.૦૨.૨૦૨૫**

**નોટિસ**

G / નોર્થ વોર્ડમાં ડેન્ગ્યૂ અને મલેરિયાના નિયંત્રણ માટે ૦૬ મહિના (૧૪૧ દિવસ) માટે બિલ્ડીંગ કંસ્ટ્રકશન સાઈટ્સ પર જંતુનાશક સારવાર આપવા માટે ૩૦ સ્વયંસેવકો પ્રદાન કરવા માટે નોંધાયેલ સહકારી / બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ B.M.C. પોર્ટલ http:// portal.mcgm.gov.in પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા પેસ્ટકંટ્રોલ ઓફીસર, G/નોર્થ વોર્ડ, હરીશચંદ્ર યેલ્વે માર્ગ, રૂમ નં. ૩૨૪, ૩જો માળ, દાદર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૨૮. ટેલિ. નં. ૦૨૪૩૯૭૯૯૮ની ઓફિસનો સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસરની ઓફિસ ખાતે અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી **તારીખ ૧૪.૦૨.૨૦૨૫ કામકાજના** દિવસોમાં **બ. ૨.૦૦ ક.** પહેલાની છે.

સહી/-
આસીસ્ટંટ કમિશ્નર - G / નોર્થ વોર્ડ

PRO/2434/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

**PUBLIC NOTICE**

**IN THE BOMBAY CITY CIVIL COURT AT BOMBAY ORDINARY ORIGINAL CIVIL JURISDICTION**

**IN S. C. SUIT NO. 8250 OF 1986**

**(HIGH COURT SUIT NO. 1464 OF 1986)**

**1.** Offers are invited by the undersigned in a sealed envelope for sale of the Immovable property described in Schedule - I on **"As is where is basis"** and **"As is what is basis"** and **"As is whatever there is basis"** and **"without any recourse basis"** and subject to tenancy/ occupancy rights therein pursuant to the Hon'ble City Civil Court's order dated **26th September 2016 and 27th September 2023 in S. C. SUIT NO. 8250 OF 1986** alongwith **Demand Draft/Pay Order of any Nationalised Bank in respect of the Earnest Money Deposit (EMD) for a sum of Rs. 1,00,00,000/- (Rupees One Crore only) payable at Mumbai in favour of "The Court Receiver, High Court, Bombay".**
**2.** The inspection of the Immovable property described in Schedule - I will be given on **12th and 13th February 2025** from **11.00 a.m. to 5.00 p.m.** to the intending offerors/ purchasers upon production of his/her original photo Identity proof and contact number. Offers are required to be reached to the office of the Court Receiver, High Court Bombay on or before **21st February 2025 by 4.00 p.m.** in sealed envelope superscribed as **"Offer for purchase of immovable Property in S. C. Suit No. 8250 of 1986".**
**3.** Offers so received will be considered by the Hon'ble City Civil Court, Mumbai on **1st March 2025 at 2.45 p.m.** The offerors may remain present before the Hon'ble City Civil Court, Mumbai and may increase their offers, if they so desire.
**4.** A copy of the terms and conditions of sale, list of tenants/occupants as well as photocopies of documents of title will be made available at the site at the time of inspection and in the office of the Court Receiver High Court, Bombay office during office hours, **on or before 21st February 2025** on payment of Rs. 100/- (non-refundable and non-adjustable).

**SCHEDULE - I**

**DESCRIPTION OF IMMOVABLE PROPERTY**

All that piece and parcel of land or ground with messuage, tenements, occupants admeasuring 1865.77 Sq. Meters (2231.41 Sq. Yards) or thereabouts and the building, structures standing thereon which is known as Shamwadi and bearing Final Plot No.69 of TPS IV of Mahim Division corresponding C. S. No.149, 150, 1/151 and 286 situated at Ranade Road Extension, Dadar (W), Mumbai 400 028, **Ward 33(G), North Ward under Ward No. 4313 (3), 4313 (3A), 4313 (4), 4313 (5), 4272 (1AAAA), 4272 (3), 4272 (3A), 4272 (4), 4272 (1), 4272 (1A), 4272 (2), 4272 (2A), 4269 and 4273 along with tenants/ occupants of Shamwadi Building** standing thereon being ground plus 2 floors, having 49 tenants and one godown No. 49 in possession of the owner. Out of 48 tenaments, there are 13 residential tenements (11 tenements situated on the Ground Floor and 1 each on 1st and 2nd Floor), 10 shops, (road facing), and 25 Godowns, also situated on the Ground floor.

**NOTE : Ward No. 4272(1) is certified as a cessed property under Category A-NR and 4272(2) is also certified as a cessed property under Category A - Res and A-NR as per letter dated 18.03.2008 of Asstt. & Collector, G-North.**

Dated This 27th day of January, 2025

**THE COURT RECEIVER**
High Court, Bombay, Bank Of India Building,
2nd Floor, M. G. Road, Fort, Mumbai 400 023
Phone No. 022-20822219, Email: crcvr-bhc@nic.in

SEAL

Sd/-
**COURT RECEIVER**
**HIGH COURT, BOMBAY**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**L.T.M.G. હોસ્પિટલ, સાયન, મુંબઈ-૪૦૦ ૦૨૨**

**નં. LTH/SD/૧૫૭૩/M, તા. ૩૦/૦૧/૨૦૨૫**

**ઈ-મહાટેન્ડર નોટિસ**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (MCGM) ત્રણ પેકેટ સિસ્ટમમાં નીચે આપેલા ઈ-ટેન્ડરો મંગાવે છે.

**કામનું નામઃ** L.T.M.G. હોસ્પિટલ માટે ઈન્જે. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૫૦૦ Ml. બોટલ.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર રકમ (રૂ.) | બારડી (રૂ.) પ્રારંભ | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | ઈન્જે. સોડિયમ ક્લોરાઈડ ૦.૯% ૫૦૦ Ml. બોટલ<br>૧૨૧૦૦૦ બોટલ.<br>બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૩૮૨૬ | રૂ. ૩૩૦૦/- + GST @ ૧૮% | રૂ. ૪૦૦૦૦/- | ૩૦.૦૧.૨૦૨૫ સાં. ૦૬.૦૦ (૧૮.૦૦ ક.) | ૦૭.૦૨.૨૦૨૫ સાં. ૦૬.૦૦ (૧૮.૦૦ ક.) |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http//www.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશન વેબસાઈટની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
L.T.M.G. હોસ્પિટલ, સાયન

PRO/2438/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ - ટ્રાન્સપોર્ટ (શહેર)

૧લો માળ, વરલી ગેરેજ બિલ્ડિંગ, ડૉ. ઈ મોસેસ રોડ, વરલી, મુંબઈ-૧૮

**EET/C/૧૪૧૦૧/SWM/ તા. ૦૪.૦૨.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છેઃ

| કામનું નામ | ઝોન | બાના રકમ ડિપોઝિટ | ટેન્ડર પ્રાપ્તિ શૂલ્ક | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૩ મહિના (ઝોન-I થી ઝોન-VII)ની મુદત માટે મુંબઈમાં રસ્તા ધોવા માટે ભાડાના ધોરણે જેટિંગ વ્યવસ્થા સાથે વોટર ટેન્કરોની સપ્લાય. | I | RS. 63,000/- | RS. 13,200/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | II | RS. 84,600/- | RS. 13,200/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | III | RS. 54,900/- | RS. 13,200/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | IV | RS. 1,20,400/- | RS. 16,500/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | V | RS. 1,23,300/- | RS. 16,500/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | VI | RS. 76,300/- | RS. 13,200/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |
| | VII | RS. 55,000/- | RS. 13,200/- + GSTas applicable | 04.02.2025 11.00 A.M. | 10.02.2025 04.00 P.M. |

ટેન્ડર કોપી મહારાષ્ટ્ર સરકારની (મહાટેન્ડર્સ) (http://www.mcgm.gov.in) ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ પરથી ડાઉનલોડ કરી શકાય છે. તેમજ ટેન્ડર કોપી ''ઈ-ટેન્ડર'' સેક્શન હેઠળ BMCના પોર્ટલ https://portal.mcgm.gov.in પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ષિક્યૂટીવ એન્જિનિયર
ટ્રાન્સપોર્ટ (શહેર)

PRO/2429/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

# મુંબઈ સુધરાઈની એફડી તોડી હોવાનો આરોપ ખોટોઃ એકનાથ શિંદે

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ (એફડી) તોડી નાખવામાં આવી હોવાનો વિપક્ષનો આરોપ ખોટો છે. અત્યારે પણ પાલિકાની ૮૨,૮૦૦ કરોડની એફડી છે, એમ જણાવતાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે પહેલાં વિકાસનાં કામ થતાં નહોતાં, હવે વિકાસનાં કામમાં વધારો થયો છે. મુંબઈ સુધરાઈની એકેય એફડી તોડવામાં આવી નથી. મુંબઈ મનપાની એફડી મહાયુતિ દ્વારા તોડવામાં આવી રહી છે એવો આરોપ ઠાકરે જૂથ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ પહેલાં મુંબઈ સુધરાઈની ડિપોઝિટ ૯૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હતી, તે હવે ૮૨,૦૦૦ કરોડ રૂપિયા પર આવી ગઈ હોવાથી આવો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. એકનાથ શિંદેએ આનો જવાબ આપતાં કહ્યું હતું કે આરોપ કરનારાને અમે કામ કરીને જવાબ આપીએ છીએ. આથી જ મુંબઈ સુધરાઈની તિજોરીમાં સાત હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે. મુંબઈમાં અત્યારે ૪૩ હજાર કરોડનાં કામ થઈ રહ્યા છે. આથી એફડી અંગેના બધા જ આરોપ ખોટા છે. તે વાસ્તવિક સ્થિતિને અનુરૂપ નથી.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

